**E MAIL NO-21**

**પોલીસ અધિક્ષકની કચેરી ખેડા-નડીયાદ**
**જિલ્લા પોલીસ ગેઝેટ નં.૪૪/૨૦૧૨**
**તા.૨૯/૧૦//૨૦૧૨ થી તા.૦૪/૧૧/૨૦૧૨ સુધી**

**(૧) રજા વિભાગ**

**(૨૫૨) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૨૭૪/૧૨/૨૨૫૭૫ તા.૦૨/૧૧/૨૦૧૨**

નડીયાદ રૂરલ પો.સ્ટે. ખાતે ફરજ બજાવતા લો.ર.પો.કો. વિજયકુમાર ગલાબભાઇ બ.નં.૦૯૪૩ નાઓને ટી.વાય.બી.કોમની છેલ્લા વર્ષની વાર્ષિક પરીક્ષા હોવાથી પરીક્ષાની પુર્વ તૈયારી કરવાની હોઇ તા.૦૨/૧૧/૨૦૧૨ થી તા.૩૦/૧૧/૨૦૧૨ સુધી દિન-૨૯ ની બિન પગારી રજા આમુખ-૨ ના પત્ર અન્વયે આપેલ અભિપ્રાય મુજબ મંજુર કરવામાં આવેલ છે.

૨/- મજકુર લો.ર.પો.કો.ને તા.૦૧/૧૨/૨૦૧૨ ના રોજ પુનઃ તેઓની ફરજ પર હાજર થવાની શરતે મંજુર કરવામાં આવેલ છે.

**(૨૫૩) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/હાજર/વ.૧૩૮૮/૧૨/૨૨૬૦૩ તા.૦૨/૧૧/૨૦૧૨**

ઠાસરા પો.સ્ટે.ખાતે ફરજ બજાવતાં અ.હે.કો.પાઉલભાઇ મગનભાઇ બ.નં.૧૪૨૨ નાઓને અકસ્માત થતાં તા.૨૭/૦૪/૨૦૧૨ ના રોજ ઠાસરા પો.સ્ટે.ખાતેથી સીકમેમો મેળવી સીકમાં ગયેલ હતા. મજકુર અ.હે.કો.ને ડાબા પગે ફેકચર થતાં આણંદ ખાતેની આનંદ ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે સારવાર કરાવેલ છે. મજકુર અ.હે.કો. તા.૨૭/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૧૦/૨૦૧૨ સુધી સારવાર હેઠળ હતા અને તેઓની તબિયત સારી થતાં મેડિકલ સારવાર/ફીટનેશ સર્ટી સાથે હાજર થવા તા.૦૧/૧૧/૨૦૧૨ ના રોજ અત્રેની કચેરી ખાતે આવેલ હોઇ તેઓને હાજર ગણી તા.૦૧/૧૧/૨૦૧૨ ના રોજ કચેરી સમય પહેલા ઠાસરા પો.સ્ટે. ખાતે ફરજ બજાવવા હાજર કરવામાં આવેલ છે.

૨/- મજકુર અ.હે.કો.ની તા.૨૭/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૧૦/૨૦૧૨ દિન-૧૮૮ દિવસની તબીબી સારવાર/ફીટનેશ સર્ટી આધારે માંદગી સમયનો રજાનો નિકાલ **" રૂપાંતરીત રજા "** તરીકે મંજુર કરવામાં આવેલ છે.

**(૨) બદલી વિભાગ**

----------------------------નીલ-----------------------

**(૩) શિક્ષા વિભાગ**

**(૭૫) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/હાજર/વ.૧૩૮૭/૨૦૧૨/૨૨૬૦૨ તા.૦૨/૧૧/૨૦૧૨**

બાલાસિનોર પો.સ્ટે.ખાતે ફરજ બજાવતાં લો.ર.પો.કો. પ્રવિણસિંહ દલપતસિંહ બ.નં.૦૧૫૪ નાઓ બાલાસિનોર ખાતેની તિજોરી ગાર્ડ ઉપર ફરજ બજાવતા હતા તે દરમ્યાન પોતાને પેટમાં તકલીફ થતાં તેમજ ઉલ્ટી થતાં ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે ગયેલ હતા ત્યાર બાદ તેઓ વધુ સારવાર માટે વાડીલાલ સારાભાઇ હોસ્પીટલ અમદાવાદ ખાતે દાખલ થયેલ અને હોજરીનું લેસર ઓપરેશન કરાવેલ.

૨/- મજકુર લો.ર.પો.કો. તા.૨૮/૦૮/૨૦૧૨ થી તા.૧૧/૦૯/૨૦૧૨ સુધી હોસ્પીટલમાં દાખલ રહેલ અને ત્યાર બાદ તા.૧૨/૦૯/૨૦૧૨ થી તા.૧૨/૧૦/૨૦૧૨ સુધીનું રેસ્ટનું સર્ટીફીકેટ આપેલ હતું. મજકુર પો.કો. વાડીલાલ સારાભાઇ હોસ્પીટલ અમદાવાદના મેડીકલ સારવાર સર્ટી સાથે હાજર થવા તા.૦૧/૧૧/૨૦૧૨ ના રોજ અત્રેની કચેરી ખાતે આવેલ હોઇ તેઓને હાજર ગણી તા.૦૧/૧૧/૨૦૧૨ ના રોજ કચેરી સમય પહેલા બાલાસિનોર પો.સ્ટે. ખાતે ફરજ બજાવવા હાજર કરવામાં આવેલ છે.

૩/- મજકુર લો.ર.પો.કો.ની તા.૨૧/૦૮/૨૦૧૨ થી તા.૩૧/૧૦/૨૦૧૨ દિન-૭૨ દિવસની માંદગી રજાનો નિકાલ **" વગર પગારી રજા"** તરીકે મંજુર કરવામાં આવે છે. તેમજ મજકુર લો.ર.પો.કો.એ કોઇપણ ઉપરી અધિકારીની લેખિત/મૌખિક પરવાનગી લીધા સિવાય માંદગી રજા ઉપર ગયેલા હોય તેઓને **"ઠપકા"** ની શિક્ષા કરવામાં આવેલ છે.

**(૭૬) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૨૬૩૩/૧૨ તા.૩/૧૧/૨૦૧૨** અન્વયે પો.સ.ઇ શ્રી જી.બી.વાઘેલા (૨) અ.હે.કો નટવરભાઇ સોમાભાઇ બ.નં.૮૦૫ (૩) અ.હે.કો અશોકભાઇ ભાઇલાલભાઇ બ.નં.૧૪૦૨નાઓને નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી અમદાવાદ વિભાગ અમદાવાદનાઓની કચેરીનાં તા.૦૯/૮/૧૨ની યાદી ક્રમાંકઃમુ.કા/૧૫૦/ખેડા-નડીયાદ/સી.કા.દનો/૪-૫-૬/૧૨/૪૪૪૩/૧૨ અન્વયે ફરમાવેલ સીધી કારણદર્શક નોટિસમાં તેઓને સુચવેલ શિક્ષામાં ઘટાડો કરી " ઠપકા" ની શિક્ષા કરવામાં આવેલ છે.

**(૪) ઈજાફા/ બઢતી**

----------------------------નીલ-----------------------------

**(૫) ઈનામ વિભાગ**

------------------------નીલ------------------------

**(૬) રાજીનામું/નિમણુંક/નિવૃત/અન્ય વિભાગ**

**(૧૧૪) ક્રમાંકઃમકમ/એસબી-૧/મંજૂરી/૨૨૧૭૩/૨૦૧૨ તા.૨૯/૧૦/૨૦૧૨**

નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓએ તેમના નામ સામે જણાવેલ પરીક્ષામાં બેસવા માટે સંબધિત પો.સ્ટે. મારફતે અત્રે રીપોર્ટ મોકલી આપેલ હોય, તેઓને તેમની સરકારી ફરજમાં બાધ ન આવે તે રીતે પરીક્ષામાં બેસવાની આથી મંજુરી આપવામાં આવેલ છે.

| અ. નં | હોદ્દો/નામ/બ.નં. | પો.સ્ટે./કચેરી | પરીક્ષાનું નામ |
|---|---|---|---|
| ૧ | અ.લો.ર.પો.કો મહંમદહુસેન આજમખાન બ.નં.૦૭૭૯ | કઠલાલ પો.સ્ટે. | ટી.વાય.બી.એની પરીક્ષા |
| ૨ | આ.પો.કો જેકી જોનભાઇ બ.નં.૦૩૭ | કોમ્પ્યુટર શાખા નડીયાદ | એમ.એ.પાર્ટ-૨ની પરીક્ષા |

**(૧૧૫) ક્રમાંકઃસીબી-૧/એન્ટી હ્યુમન/૨૦૧૨/૨૨૬૫૭ તા.૩/૧૧/૨૦૧૨**

અત્રેની કચેરીનાં કાર્યાલય આદેશ ક્રમાંકઃમકમ/સીબી-૧/વ.૯૧૫૦/૨૦૧૨ તા.૨૩/૦૪/૨૦૧૨ જણાવેલ હુકમ આધારે અત્રેના જિલ્લાના મહિલા પો.સ્ટે ખાતે ફરજ બજાવતા વુ.એ.એસ.આઇ અરૂણાબેન મધુસુદન બ.નં.૧૪૩૬નાઓની એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ ખાતે ઇન્ચાર્જ પો.સ.ઇ તરીકે નિમાણુંક કરવામાં આવેલ જે રદ કરી મહિલા પો.સ્ટે ખાતે ફરજ બજાવતા વુ.પો.સ.ઇ શ્રીમતી એસ.વી.સીમ્પીનાઓની એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ ખાતે નિમાણુંક કરવા હુકમ કરવામાં આવેલ છે.

**સહી/-**
**(કે.એન.રાજપુત)**
કચેરી અધિક્ષક
પોલીસ અધિક્ષકની કચેરી
ખેડા-નડીયાદ

**પ્રતિ,**

જીલ્લાના તમામ પોલીસ અમલદારો તરફ/તમામ સી.પી.આઇ./રીપોસઈ ખેડા હેકવા./તમામ શાખા

**નકલ રવાનાઃ-** મદદનીશ પો.અધિ.શ્રી નડીયાદ/ના.પો.અધિ.કપડવંજ/મુ.મ.ખેડા-નડીયાદ
હિસાબી શાખા (૪ પ્રત)/ડીપીજી